॥ कृर्षिमित् कृषस्व ॥

# भारतीय किसान संघ
गुजरात

नोंधणी नं. गुज/337 रजी. नं. एफ/330/महेसाणा

कार्यालय :
दलराम मंदिर परिसर,
कलेकटर ऑफिस के सामने, घ-रोड,
सेकटर-१२ डी, गांधीनगर

फोन : (079) 23221976
टेली फेक्स : 23224916
E-mail: bksgujarat1985@gmail.com
www.bksgujarat.org.in

क्रमांक :


## –:: પ્રેસનોટ ::–

તા.૨૯/૮/૨૦૧૬

❖ જીરો બજેટ આધ્યાત્મિક ખેતી શિબીરના કાર્યક્રમમાં આજે કેન્દ્ર સરકારના કૃષિ રા.મંત્રીશ્રી રૂપાલાજી શિક્ષાર્થી તરીકે ઉપસ્થિત.

❖ પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ પણ ઉપસ્થિત રહી પ્રાસંગિક ઉદબોધન કર્યુ.

❖ રાજય ભરના ૩૦ જીલ્લામાં થી ૩૦૦૦ જેટલા પ્રતિનિધીઓ ખર્ચ વગરની ખેતીનું અદભુત ધ્યાનપૂર્વક અધ્યયન કરતાં હવે નવી કૃષિક્રાંતિ થવાના એંધાણ.

❖ શિબીરના ત્રીજે દિવસે સુભાષ પાલેકરજી એ શંકર બીજ,બીટી,બિયારણ રાસાયણિક ખાતરો આપણી ખેતી માટે શા માટે ખતરનાક ની વાત કરી

❖ પાલેકરજી એ કહયુ કે કૃષિ વૈજ્ઞાનિકો એ કિસાનોને ભુત પકડાવ્યુ છે તેને કાઢવા માટે હું ભુવો છુ.

❖ ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશ ધ્વારા આગામી સમયમાં જીરો બજેટ આધ્યાત્મિક ખેતીને અભિયાનના સ્વરૂપે ચલાવવા બની રહેલી યોજના.

ગુજરાત ના કૃષિ ક્ષેત્રે ખૂબજ મહત્વપૂર્ણ સાબિત થનાર જીરો બજેટ આઘ્યાત્મિક ખેતી શિબીર માં આજના ત્રીજા દિવસે પણ ૩૦૦૦ હજાર જેટલા પ્રતિનિધીઓ દિવસભર સતત ચાલતી શિબીરમાં ખૂબજ રસ લઈ ને જિજ્ઞાસા પૂર્વક ઘ્યાનથી સ્કુલમાં ચાલતા શિક્ષણની જેમ પાઠ ભણી રહયા છે અને સતત મહત્વપૂર્ણ બાબતોની નોંધ કરી રહયા છે.જે ખરેખર નોંધપાત્ર બની રહેલ છે.

આજે શિબીર દરમ્યાન ભારત સરકારના કૃષિ રા.મંત્રીશ્રી પુરૂષોત્તમ રૂપાલા સામે ચાલીને સવારના સત્રમાં પૂરો સમય બેસીને શિક્ષાર્થી તરીકે જીરો બજેટની વાત ને સમજવાનો પ્રયત્ન કર્યો હતો.આજના કાર્યક્રમમાં પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ પણ ઉપસ્થિત રહયા હતા જેમનું ભારતીય કિસાન સંઘ ઘ્વારા સ્વાગત/સન્માન કરવામાં આવ્યુ હતું જેમના પ્રત્યુતરમાં બહેનશ્રી એ જણાવ્યુ કે મારા પિતાજી પણ રાસાયણિક ખાતર વગર ની ખેતી કરતા હતા. આ પઘ્ધતિ માટે ના પ્રસાર માટેજ આપણી સરકારે ચાલુ સાલના બજેટમાં સજીવખેતીની યુનિવર્સિટી સ્થાપવાનો ઉલ્લેખ કરીને સરકાર પણ આ દિશામાં સતત ચિંતીત છે એમ જણાવ્યુ હતુ તેઓ એ જણાંવ્યુ કે આપ જે જ્ઞાન લેવા આવ્યા છો તેને પુરા સમજીને જજો અને તેને અપનાવજો તોજ સાચુ પરિણામ મળશે.

આજે પદ્મશ્રી આંતરરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત સુભાષ પાલેકરજી એ જણાવ્યુ કે રાસાયણિક ખેતી, જંતુનાશક થી થતી ખેતી એ આપણા ઘ્વારા થતો મહા અપરાધ છે,તેનો શ્રેષ્ઠ વિકલ્પ જીરો બજેટ છે .
ગામનો પૈસો ગામમાં,ગામના પૈસા શહેરમાં નહી–શહેરના પૈસા ગામમાં–બધુજ સરકાર પાસે માગવું એ ઠીક નથી.સ્વતંત્ર વિકાસ પઘ્ધતી છે.વૈજ્ઞાનિકો વિજ્ઞાનના નામે અજ્ઞાન ભણાવી રહયા છે.

જીરો બજેટ ખેતી શિબીર ખૂબજ મહત્વપૂર્ણ તબ્બકામાં પહોંચી ગયેલ છે–કિસાનોની સાથે આત્માના પ્રગતીશિલ કિસાનો,સંતો કૃષિ યુનિવર્સિટી ના વૈજ્ઞાનિકો વગેરે કૃષિ ક્ષેત્રના અધિકારીઓ પણ રસપૂર્વક આ પઘ્ધતીનો અભ્યાસ કરી રહયા છે.આ શિબીરમાં સમાપન ૩૧/ઓગષ્ટે સાંજે થનાર છે.

ભવદીય,
વિઠ્ઠલ દુધાત્રા
મહામંત્રી
ભારતીય કિસાન સંઘ